# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM JAMNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વર્ચ્યુઅલ માધ્યમથી 412 કરોડ રૂપિયાથી વધુના 57 વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ વર્ષના અંદાજપત્રમાં જામનગરમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર તથા રમતગમત માળખું વિકસાવવા જોગવાઈ કરવામાં આવી છે.

બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી

CMO TWITTER – મયુર

# SURAT FIRE

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં આજે  વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી.રચના સર્કલ પાસે આવેલા ભરતનગરના એક ઔદ્યોગિક એકમમાં આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.કારખાનાની અંદર રહેલા બે ગેસ સિલિન્ડર ફાટતાં  આ ઘટનામાં 2 વ્યક્તિના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે,જ્યારે અન્ય 11 લોકો ઇજાગ્રસ્ત થયા છે.

આજે વહેલી સવારે ફાયર વિભાગને કોલ મળતા તાત્કાલિક અલગ-અલગ ચાર ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટનાસ્થળે કરવામાં આવી હતી.ફાયર વિભાગના જણાવ્યાં અનુસાર, ઘટનામાં 13 લોકોને ઈજા થઈ હતી,જેમાંથી બેના મોત થયા હતા.

# CHAITRI NAVRATRI

આજથી ચૈત્રી નવરાત્રિ પર્વનો પ્રારંભ થયો છે. શક્તિપીઠ અંબાજીમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે આજથી આગામી 26 તારીખ સુધી માતાજીની આરતી સવારે સાત વાગ્યે અને દર્શન સાડા સાત વાગ્યાથી કરાશે. આ અંગે અંબાજી મંદિરના પૂજારી જયશીલ ઠાકર મહારાજે વધુ માહિતી આપી.

(બાઇટ: જયશીલ ઠાકર, પૂજારી)

શક્તિપીઠ પાવાગઢમાં લાખો યાત્રાળુઓની અપેક્ષા વચ્ચે જિલ્લા વહીવટ, મંદિર ટ્રસ્ટ, પોલીસ અને ST વિભાગે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે 788 પોલીસ જવાન તૈનાત રહેશે. મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી મંદિર ખાતે પ્રક્ષાલન વિધિ તેમજ વૈદિક મંત્રોચ્ચાર સાથે ઘટસ્થાપન વિધિ કરાઈ. નવસારી જિલ્લામાં શ્રદ્ધાળુઓએ માતાના મંદિરે જઈને પૂજા અર્ચના કરી હતી.

ગણદેવીમાં આવેલા માતાજીના મંદિરે આજથી પારાયણનો પણ પ્રારંભ થયો હતો.

ચૈત્રી નવરાત્રી નિમિત્તે ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિર ખાતે વહેલી સવારે ઘટસ્થાપન કરાયું. આજે પ્રથમ નોરતે જ મોટી સંખ્યામાં માઈ ભક્તો રોપવેની સેવા દ્વારા અંબાજી મંદિરે પહોંચ્યા હતા.

ભાવનગર જિલ્લામાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રિ દરમિયાન મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, ઘટ સ્થાપના અને ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે.

ચૈત્રી નવરાત્રીના પ્રારંભ સાથે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો પ્રારંભ થયો છે.નર્મદે હરના જયઘોષ સાથે 14 કિમીની આ પરિક્રમામાં રાજ્ય સાહિત મહારાષ્ટ્રના પણ અનેક શ્રદ્ધાળુઓ ભાવ પૂર્વક જોડાયા હતા.

# GUDI PADVA

આજે મરાઠી તહેવાર ગુડી પડવાની પણ ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે ડાંગ જિલ્લામાં વસેલા મરાઠી નાગરિકોએ આજે હિન્દૂ નવા વર્ષના પ્રારંભે ઘરની બહાર ગુડીશણગારી પૂજા કરી હતી અને  નૈવેધ ધરાવી ભક્તિભાવ સાથે એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

# VAVAZODU

ગઇકાલે રાત્રે રાજ્યના અનેક વિસ્તારમાં ભારે પવન અને મીની વાવાઝુડું આવ્યું હતું.જેને કારણે કેટલાંક વિસ્તારોમાં નુકસાન થયું હોવાના સમાચાર છે. ત્યારે સુરેન્દ્રનગર શહેર સહિત જિલ્લામાં, વૃક્ષો પડ્યાના , હોર્ડિંગ્સ પડી ગયાના અહેવાલ મળ્યા છે,વઢવાણ માર્કેટિંગ યાર્ડમાં હાલ પૂરતી તુવેરની ખરીદી બંધ રાખવામાં આવી છે હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોના વાતાવરણમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરાઈ હતી.

ત્યારે સુરેન્દ્રનગર, દસાડા,લખતર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારે એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો,વહેલી સવારે તેજ પવન ફૂંકાતાની સાથે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષો ધરાશાઈ થવાના બનાવો સામે આવ્યા છે,વહેલી સવારે તેજ પવનના કારણે હાઇવે ઉપર પસાર થતા વાહન ચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો,જ્યારે ખેડૂતોના ખેતરમાં તૈયાર થઈને ઉભેલા ઘઉં, ચણા અને જીરા જેવા પાકોને પણ નુકસાન થયાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી હતી

# DUPLICATE NOTES

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમ દ્વારા અમરાઇવાડી વિસ્તારમાંથી એક કારમાંથી  એક મહીલા સહિત કુલ - ૬ વ્યકતિઓને અંદાજીત બે કરોડ થી વધુની પાંચસોના દરની બનાવટી ભારતીય ચલણી નોટો સાથે ઝડપી પાડવામાં આવી છે.

આ અંગે ક્રાઇમ બ્રાંચ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે.તમામ આરોપીઓની ક્રાઇમ બ્રાંચ પૂછપરછ કરી રહી છે અને વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

# Mehsana Municipal Corporation  Budget

મહેસાણા મહાનગરપાલિકાનું નાણાકીય વર્ષ 202- 27 માટે 1005.96 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું.ગતવર્ષ કરતા આ વર્ષે 67 કરોડ વધુ છે.શહેરના સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધાઓને ધ્યાનમાં રાખીને બજેટમાં 63 જેટલા વિકાસ કામોનો સમાવેશ કરાયો છે.મનપાએ કૂલ વાર્ષિક આવક 1015.83 કરોડ રૂપિયા દર્શાવી છે.

રાજ્યમાં સૌપ્રથમવાર મહેસાણા મહાનગર પાલિકાએ અંદાજપત્રમાં જનસૂચનો મેળવ્યા હતા.જેમાં રસ્તા વીજળી પાણી અંગેના 593 સૂચનો મેળવ્યા હતા.